# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ચવાઇ ગયાં નાણાં ને ખાયકીમાં ગવાઇ ગયા,
ખોવાઇ ગયા કૉન્ટ્રેક્ટર, ને ભૂવા છવાઇ ગયા,
પ્રજા પર તવાઇ ને બણગેશ્રી રોવાઇ ગયા -
ચાર-પાંચ ઇંચમાં જ બધા પ્લાન ધોવાઇ ગયા
(મેનેજમેન્ટ માં ડિઝાસ્ટર)

**હાઈકુ**

મળે ન સૂર
બેસૂરી આડવાણી -
પ્રચાર-ગીત

બાકી ના પર
લટકે તરવાર
ચાર્જશીટની...

## ચિંતન

ગંગા તરંગ કણ શીકર શીતલાનિ, વિદ્યા ધરા દયુષિત ચારૂ શિલાતલાનિ ।
સ્થાનાનિ કિં હિમવતઃ પ્રલયં ગતાનિ યત્સાવમાન પરપિડરતો મનુષ્યઃ ॥

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાયનો આ શ્લોક છે.

હિમાલયનાં જે સ્થાનો ગંગાના તરંગોના કણથી શીતલ થયેલાં છે અને જેની સુંદર શિલાઓ પર વિદ્યાધરો આવીને બેસે છે તે સ્થાનો 'શું નાશ પામ્યા છે કે જેથી માણસ અપમાન સહિત પારકાએ આપેલ ભોજન પર જીવે છે?'

યોગાનુયોગ આ શ્લોક પર નજર પડી અને સ્થિર થઇ ગઇ પ્રાચીનકાળમાં લખાયેલા શ્લોકમાં છૂપાયેલું રહસ્ય આજે નગ્ન સત્ય બની સામે આવી ઊભું છે.

હિમાલયના યાત્રાધામોમાં વહેલી પવિત્ર અને ફળદ્રુપ ગંગા નદી ભારતની ખેતીપ્રધાન વસતીની ધોરી નસ છે. ગંગાના તરંગો એ હિમાલયના પવિત્ર શિખરોને પોતાના પવિત્રજળથી આધ્યાત્મિક શાંતિની પવિત્રતા આપે છે એને જે કારણે દેવો-યક્ષો-વિદ્યાધરો અને સિદ્ધિ પ્રાપ્ત ઋષિમુનિઓ હિમાલયના શિખરો-ગુફામાં નિવાસ કરે છે તેમના પુણ્યબળે જ ગંગાના વિશાળ મેદાનો ફળદ્રુપ થઇ ભારતને સિદ્ધિ-સંપત્તિથી અનાજના ભંડારોથી ભરપૂર રાખે છે.

આજે વિનાશક પૂરમાં હિમાલયનાં યાત્રાધામોનો વિનાશ થયો અને યાત્રિકો 'ફૂડ પેકેટ' પાણી-દવા-દારૂ માટે નોંધારાં થયાં. પારકાએ આપેલ ભોજન પર નિર્ભર થવું પડ્યું? કેવો યોગાનુયોગ?!

## સુવિચાર

- સફળતા વિશેની ચર્ચાઓ અને ફક્ત વાતો કર્યા કરતા નિષ્ફળ જવું લાખ દરજ્જે સારૂં છે - **નારાયણ મૂર્તિ**
- મનુષ્ય માટે નિરાશા સમાન કોઇ બીજું પાપ નથી માટે મનુષ્યએ કોઇ પણ સંજોગોમાં આશા ન છોડવી - **હિતોપ્રદેશ**
- દુનિયાની અડધોઅડધ વસ્તી અન્યના આનંદ, પ્રસન્નતાને સમજી શકતી નથી - **પોપ જહોન પોલ**
- અહંકાર જ માણસને સિમિત કરે છે - **શેખ સાદી**
- ન્યાયાધીશની જેમ આપણને દંડ આપતા પહેલા આપણું અંતઃકરણ સાચા મિત્રની જેમ આપણને સાવધ કરે છે - **વેદવ્યાસ**
- જ્ઞાન રૂપી પાક વહેંચવા માટે હું એક શિક્ષક જ બનવાનું પસંદ કરૂં - **સ્વામિ રામતીર્થ**

## બોધ કથા

કોર્ટ-કાયદા-ન્યાય આજે કરોડપતિઓ અને ગેંગપતિની કેદમાં ગુન્હેગારો અને ધનપતિઓ બેફામ ગુન્હા કર્યા કરે છે એમને હૈયે ધરપત હોય છે. વકીલો-કાયદો-કોર્ટ અને ન્યાયને સાત કોઠાનાં ચક્કરમાં નાખી આપણને વર્ષો સુધી ઉની આંચ નહીં આવવા દે.. એટલે તો સલમાનો-વિસ્મયો જિંદગીઓ કચડી નાખે છે અને નિર્ભય બળાત્કારો-લૂંટ થાય છે..

લિંકન રાષ્ટ્રપતિ થયા પહેલાં વકીલાત કરતા હતા. સત્ય નિષ્ઠ વકીલો જૂજ હોય છે, એ પૈકીના લિંકન હતા.

એમની પાસે એક અસીલ આવ્યો. લિંકને એની સાથે બે-ત્રણ વાર ચર્ચા કરી. એમાંથી એટલું તારતમ્ય મળ્યું કે કેસ જૂઠ પર આધારિત છે પણ તાર્કિક રીતે સત્ય લાગે અને કાયદાથી સાબિત કરી સરળ રીતે જીતી શકાય એવો હતો.

પરંતુ લિંકને કહ્યું : 'માફ કરજો! આ કેસ હું સ્વીકારી શકું એમ નથી.'

અસીલે કહ્યું - પણ કાયદાની દૃષ્ટિએ તો આપણે જીતી જ શકીએ એમ છીએ.

લિંકન કહે - હા, એ તો હું પણ સમજું છું પણ મારો અંતરાત્મા મને ઠપકો આપશે. જૂઠું બોલીશ ત્યારે માહ્યલો મને કહેશે, 'લિંકન, તું ખોટુ બોલે છે!' અને એ વખતે મારાથી સત્ય બોલી જવાય, એટલે જ હું આ કેસ સ્વીકારતો નથી.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# ...ગુણવંતરાય એકલાં પડ્યા છે અને વિચારે છે કે યુવતી છે કોઇ સંસ્કારી કુટુંબની, બેઠા બેઠા રૂમનું નિરક્ષણ કરતાં, ખૂણામાં લટકાવેલ તસ્વીર તરફ તેમનું ધ્યાન જાય છે, ઉઠીને તસ્વીર જોઇ આશ્ચર્ય થાય છે, તે દરમિયાન યુવતી ચ્હા લાવે છે

**અનોખા મિલન**

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરના ગાંધી સ્મૃતિ પાસે પાંચ રસ્તાઓની વચ્ચે આવેલ ગાર્ડનને ભાવનગર મહાનગરપાલિકાએ ગુજરાતના રાષ્ટ્રીય શાયર સ્વર્ગસ્થ ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિમાં ગાર્ડનને મેઘાણી સર્કલનું નામ આપ્યું છે, આ સર્કલના બગીચામાં રંગબેરંગી ફૂલો છે, બાળકોને રમવાના સાધનો છે જયારે વડીલો, પેન્શનરો તેમજ સિનિયર સિટીઝનો નિરાંતે શાંતિથી બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા સુંદર છે. આ બેઠક વ્યવસ્થા ઉપર નિયમિત બધાં જ સમયથી થોડાંક વડીલો સાંજના સમય કલાક બે કલાક બેસે છે, દેશ-વિદેશ તેમજ કૌટુંબિક બાબતોની વાર્તા કરે છે. કોઈ કોઈ વખત જન્મદિવસ કે એવા કોઈ શુભ પ્રસંગે હોય તો હળવો નાસ્તો કે ઠંડા પીણા અથવા આઈસ્ક્રીમની મજા માણી છૂટા પડે છે. આ વડીલો સરકારી ઓફીસેથી, બેન્કમાંથી, કૉલેજ કે શાળાએથી અથવા ખાનગી ઓફીસોમાંથી નિવૃત્ત થયેલાં વડીલો છે.

ભારતનાં ધાર્મિક સ્થળોએ પ્રવાસ કરેલાં વડીલો છે. પ્રત્યેક વર્ષ કોઈ કોઈ ધાર્મિક સ્થળે પ્રવાસનું આયોજન કરે છે અને આ વખતે પણ ધાર્મિક સ્થળને બદલે કોઈ હિલ સ્ટેશન અથવા કુદરતી સૌંદર્ય ધરાવતાં શહેરે જવાનું આયોજન કરવાનું વિચારે છે. આ માટે વનવિભાગની કચેરીમાંથી કચેરી અધિક્ષક તરીકે નિવૃત્ત થયેલાં ગુણવંતરાય દેસાઈને આયોજન તથા સ્થળ નક્કી કરવાની જવાબદારી સોંપવામાં આવે છે કારણ કે, ગુણવંતરાય તેમની સેવા દરમિયાન ખૂબ જ ફરેલાં છે. ગુણવંતરાય મેઘાણી સર્કલ પાસે આવેલું શાંતીકુજ એપાર્ટમેન્ટના બીજે માળે રહે છે અને એકાકીજીવન પસાર કરી રહ્યા છે. ગુણવંતરાય થોડા સમયમાં પ્રવાસે જવાના ત્રણ-ચાર સ્થળોની નામાવલી વડીલોની બેઠકમાં રજૂ કરે છે, તેમાંથી મિલીટરી કેમ્પસ તથા કુદરતી સૌંદર્ય ધરાવતાં 'લોનાવાલા' જવાનું નક્કી કરવામાં આવે છે. લોનાવાલા વિવિધ પ્રકારની ચીક્કી માટે પ્રખ્યાત છે, જે પુના-માથેરાન - તથા નાસિકના સમાનાંતરે આવેલું સરસ મજાનું શહેર છે, પ્રવાસની ટીકીત, ત્યાં રહેવા-ફરવાની વ્યવસ્થા કરવાનું પણ ગુણવંતરાયને સોંપવામાં આવે છે અને તેઓએ ફક્ત સાત જ દિવસનાં પ્રવાસનું આયોજન કર્યું છે કારણ કે પ્રથમ વખત જ આટલાં દૂર શહેર જવાનું છે. પ્રવાસની તારીખ નક્કી થયા મુજબ સર્વપ્રથમ ભાવનગરથી બાંદ્રા જવાનું, ત્યાંથી દાદર સુધી ટેક્સીમાં જવાનું અને દાદરથી પાછા ટ્રેનમાં લોનાવાલા જવાનું આયોજન કરવામાં આવ્યું હોય છે ભાવનગરથી લોનાવાલા દોઢ દિવસમાં પહોંચી ગયા પછી રહેવા માટે બુકીંગ કરાવેલ હોવાથી લોનાવાલાના બદ્રી રોડ ઉપર આવેલ 'કૃષ્ણ પેલેસ' માં ઉતરે છે. ખૂબ જ લાંબી મુસાફરીને લીધે થાકેલાં હોવાથી, બપોરે નાહી-ધોઈ જમીને 'ફોર મસકેરીયર' નીકળી પડે છે. બીજે દિવસે, 'લોનાવાલા દર્શન' એટલે કે શહેરમાં આવેલા પ્રસિદ્ધ જગ્યાએ જોવા માટે ટેક્સી કરે છે. સવારે નીકળેલાં, તે સાંજના સાત વાગે ગેસ્ટહાઉસ આવી જાય છે. ફ્રેશ થયા પછી જમીને ગુણવંતરાયને પાનખાવાની ટેવ હોવાથી ગેસ્ટહાઉસ નીચે જ પાનની દુકાન હવાથી, પાન ખાવા નીચે ઉતરે છે.ખૂબ જ ફર્યા હોવાથી તેમજ મજા કરી હોવાથી મસ્તીમાં ને મસ્તીમાં ગુણવંતરાય પાન ગલ્લા પાસે જૂનું ગીત 'આજા મેરી જાન, મેરી જાન, સન્ડે કે સન્ડે, આજા મેરી જાન, મેરી જાન, સન્ડે કે મનડે' ગાતા હોય છે. પાન ખાતા ખાતા ગેસ્ટહાઉસમાં પાછા ફરવાનું વિચારે છે. ત્યાં પાછળથી 'ઊભા રહો' એવો ધીમે સાદ યુવતીનો સંભળાય છે તો એક યુવક અને યુવતી તેમને બોલાવી રહ્યાં હોય તેમ લાગે છે.

ગુણવંતરાય તથા તેના મિત્રો જેવા તેમની પાસે જાય છે. ત્યાં યુવતી કહે છે 'આરલી મોટી ઉંમરે શરમ નથી આવતી.' આ સાંભળી ગુણવંતરાય તથા તેના મિત્રો ડઘાઈ જાય છે. શરમાતાં શરમાતાં કહે છે કે અમે કોઈની મશ્કરી કરી નથી પરંતુ આજે અમે ખૂબ જ મજા કરી છે તેથી આનંદને આનંદમાં આ ગીત ગાતા હતા. ગુણવંતરાયનો આ ખુલાશો યુવક-યુવતીને માન્ય ન રહેવાથી, આગળ વધતાં કહે છે કે તમે કયાં રહો છો અને કયાંથી આવો છો તે અમને જણાવો. અમારે તમારી સામે પોલીસ કેસ કરવો છે. આ સાંબળી ગુણવંતરાય થોડા મુઝાય છે અને જણાવે છે કે, ખરેખર અમે નિર્દોષ છીએ તેમ છતાં તમારે પોલીસ કેસ કરવો હોય તો કરજો પરંતુ જો તમને યોગ્ય લાગે તો આવતીકાલે આ સમયે ફરીથી મળીએ અને ચર્ચા વિચારણા કરીએ અને તમને ત્યારબાદ યોગ્ય લાગે તે કરજો. યુવક-યુવતી આવતીકાલે ફરીથી મળવાનું નક્કી કરી છૂટા પડે છે. ગુણવંતરાય તથા મિત્રો ગેસ્ટહાઉસ પાછા ફરે છે. ગુણવંતરાય તેમના મિત્રોને ગભરાવવાનું નથી એવી સ્પષ્ટતા કરે છે અને બધા નિદ્રાધીન થાય છે, બીજે દિવસે સાંજના નક્કી થયા મુજબ મળે છે, ચર્ચા-વિચારણા થાય છે પરંતુ યુવક-યુવતીને ગુણવંતરાયનો ખુલાસો માન્ય રહેતો નથી. છેલ્લા પ્રયત્નોમાં ગુણવંતરાય જણાવે છે કે આવી રીતે રસ્તા ઉપર મળવું તેના કરતાં, અમારા ગેસ્ટહાઉસમાં મળીએ અથવા તમારા ઘરે મળી અમે આ વાતનો નિવાડો લાવીએ. યુવક-યુવતી ગુણવંતરાયના આ પ્રસ્તાવને લણ શંકાની દૃષ્ટિથી જુએ છે, પરંતુ યુવતીને ઘરે મળવાનું નક્કી કરવામાં આવે છે. ગુણવંતરાયના મિત્રોને બીજે દિવસ ભાવનગર પહોંચવાનું હોવાથી, તેમને જવા માટે ગુણવંતરાય જણાવે છે અને જરૂર પડશે તો જાણ કરીશા તેથી બીજે દિવસે મિત્રો ભાવનગર પાછા ફરે છે અને એકલાં ગુણવંતરાય રોકાઈ જાય છે.

બીજે દિવસે યુવતીએ આપેલ સરનામે ગુણવંતરાય બરાબર સમયસર સાંજના પહોંચી જાય છે. ડોરબેલ વગાડે છે, યુવતી બારણું ખોલી અંદર સોફા ઉપર બેસવા કહે છે તે દરમિયાન યુવતી પાણી લાવે છે અને ચ્હાનો આગ્રહ કરી, રસોડામાં ચ્હા બનાવવા જાય છે, ગુણવંતરાય એકલાં પડ્યા છે અને વિચારે છે કે યુવતી છે કોઈ સંસ્કારી કુટુંબની, બેઠા બેઠા રૂમનું નિરક્ષણ કરતાં, ખૂણામાં લટકાવેલ તસ્વીર તરફ તેમનું ધ્યાન જાય છે, ઉઠીને તસ્વીર જોઈ આશ્ચર્ય થાય છે. તે દરમિયાન યુવતી ચ્હા લાવે છે.

ચ્હા આપતાં યુવતી પુછે છે કે શું જોતા હતા. 'તસ્વીર' ગુણવંતરાય જવાબ આપે છે અને કોનીછે? તેના પ્રત્યુત્તરમાં યુવતી જણાવે છે કે મારા 'માં'ની તસ્વીર છે, તેઓ માર્કેટમાં ગયા છે અને આવતાં હશે, પરંતુ આ દરમિયાન ડોરબેલ ફરીથી રણકે છે અને એક આધેડવયના બહેન રૂમમાં દાખલ થાય છે. ગુણવંતરાયને સોફા ઉપર બેઠેલાં જોતાં જ તમે? અહીંયા? તેના પ્રત્યુત્તર માં 'મધુ' તું અહીંયા કેવી રીતે? આ બંનેના પ્રશ્નો સાંભળી વચ્ચેથી યુવતી બંનેને પૂછે છે શું તમે બંને એકબીજાને જાણો છો? ઓળખો છો? નત મસ્તકે મધુ યવતીને કહે છે હા, અમે બંને એકબીજાને ઓળખીએ છીએ. આ તારા પિતા છે 'મયુરી?' યુવતીનું પહેલી વખત જ થાય ગુણવંતરાય જાણતાં થયા. આગળ વધતા મધુબેન કહે છે કે અમે બંને કેમ છૂટા પડ્યા તેની વિગતથી કહું તો આજથી બરોબર વીસ વર્ષ પહેલાં તુ ફક્ત દોષ વર્ષની હતી ત્યારે એક દિવસ કોણ જાણે કેમ, અમારી વચ્ચે એક નજીવી બાબતે ઝઘડો થયો અને લાંબા સમય સુધી ચાલ્યો અને ગુસ્સામાંને ગુસ્સામાં મારાથી કહેવાય ગયું કે આ ઘર છોડી હું જાણું છું. મારી તપાસ કરતા નહિ. આમ કહી હું ઘરની બહાર, ભાવનગરની જૂનામાં જૂની બાટન લાઈબ્રેરી પાસે આવેલ ભગા તળાવના રામરાયની ખડકીમાં રહેતી મારી નાની બહેનને ઘરે તને લઈને નીકળી ગઈ. તું ત્યારે દોઢ વર્ષની જ હતી. નાની બહેનને ઘરે રહેતાં મને ખૂબ જ સંકોચ તો થયો પરંતુ બીજે દિવસે જીજાજીએ મને લોનાવાલાના તેમનાં મિત્રનું સરનામું આપતાં કહ્યું કે તેમના મિત્રની પત્ની છેલ્લાં બે વર્ષથી પક્ષઘાતથી પીડાય છે તેમને રસોઈ કરવા માટે સારા ઘરનાં બહેનની જરૂર છે તેથી સરનામું તથા મને આપેલા રૂા. ૧૦૦ લઈ, હું લોનાવાલા તેમના મિત્રને ત્યાં આવી. બે દિવસ રોકાયા પછી મેં ભાડેથી ઘર લીધું અને બીજા ઘરે રસોઈ કરવાનું કામ મળ્યું. આમ મારી આવક વધી, તેમાંથી મેં સિવવાનો સંચો લીધો અને સિલાઈનું કામ શરૂ કર્યું. તેમાં પણ મને આવક થતાં, આ ફલેટ લીધો કે જયાં આપણે રહીએ છીએ. આ મારી પર વિતેલી કથા છે. ગુણવંતરાય તથા મયુરી આ સાંભળતા રહ્યા, આખરે ગુણવંતરાયે મૌન તોડતાં જણાવ્યું કે હવે તમારે એકલા રહેવૌની જરૂરત નથી. આપણે બધાં જ એક બે દિવસમાં ભાવનગર પાછા ફરીશું પરંતુ 'મધુ' તું મને જણાવ કે આપણી મયુરી સાથે ફરતો યુવાન કોણ છે? સ્પષ્ટતા કરતાં મધુ એ જણાવ્યું કે તે યુવક અને આપણી મયુરી કોલેજમાં સાથે જ અભ્યાસ કરતાં હતા અને બંને સાથે રહીને જ થોડી ઘણી આવક ઉભી કરે છે. યુવક અમને ખૂબ જ મદદરૂપ થાય છે.

આમ ગુણવંતરાયે જાણ્યા પછી યુવક સાથે મયુરીના વિવાહ થાય તે માટે સહમત થાય છે. પરંતુ તે પહેલાં યુવકના માતા-પિતાને મળવું યોગ્ય લાગતા, બીજે દિવસે સવારે મુલાકાત ગોઠવાય છે. તેમાં બંને પક્ષ સહમત થતાં, તેમજ લગ્ન પણ ખૂબ જ સાદાઈથી કરવાનું નક્કી થાય છે. લગ્ન પહેલાં ત્રણે જણા ભાવનગર જવા રવાના થાય છે. ગાર્ડન પાર્ટીમાં ગુણવંતરાય તેમના ધર્મપત્ની મધુ એ દીકીર મયુરીને રજૂ કરે છે અને તેમને વિતેલી સંકટ પરિસ્થિતિની કથની કહે છે ત્યારબાદ હર્ષ અને ઉત્સાહના વાતાવરણમાં હળવા નાસ્તા તથા ઠંડા પીણા સાથે છૂટા પડે છે. થોડા દિવસ પછી ગુણવંતરાય સહકુટુબ પાછા લોનાવાલા જાય છે, મયુરીના લગ્ન સાદાગીથી કરે છે અને ફલેટ મયુરીને સોંપતા મયુરી માતા-પિતાને પગે લાગે છે ત્યારે મધુબેનના આંખમાંથી અશ્રુધારા થાય છે કારણ કે અત્યાર સુધીમાં મયુરીને એકલી મુકી નથી. માતાનું હૃદય છે ઈશ્વરે માતાનું ઘડતર કરીને હદ કરી નાખી છે. ભગ્ન હૃદયે મા-દીકરી છૂટા પડે છે. ત્યારબાદ ગુણવંતરાય-મધુબેન ભાવનગર તરફ પ્રસ્થાન કરે છે. હાલમાં ગુણવંતરાય - મધુબેન તેમના વિતેલાં દિવસોને યાદ કરતાં કરતાં, શેષજીવન આનંદ અને ઉલ્લાસ સાથે ભાવનગરમાં પસાર કરી રહ્યા છે.

# છૂટાછેડાની અપીલ પેન્ડીંગ હોય તેવા સંજોગોમાં બીજા લગ્ન કરવા ગેરકાયદેસર છે

**વાત કાનૂન કાયદાની...**

- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાત હાઇકોર્ટની ખંડપીઠે તાજેતરમાં જ છૂટાછેડાના એક કેસમાં પત્નીએ કરેલ અપીલમાં સીમાચિહ્નરૂપ ચુકાદો આપતાં જણાવ્યું હતું કે ફેમિલી કોર્ટે આપેલા છૂટાછેડાના આદેશના અમલ ઉપર અપીલ સમય દરમિયાનનો મનાઇ હુકમ હોવા છતાં જો પતિ દ્વારા બીજા લગ્ન કરવામાં આવે તો તે કારણ છુટાછેડા માટે વ્યાજબી નથી તેમનાં બીજા લગ્નના કારણે પતિ પહેલા લગ્નથી છૂટાછેડા મેળવવા હક્કદાર બની જતો નથી. પત્ની દ્વારા કરવામાં આવેલ બીજા લગ્ન ગેરકાયદેસર ગણવામાં આવેલ.

વધુમાં જો પત્ની દ્વારા છૂટાછેડાની અપીલ પેન્ડીંગ હોય અને પતિ લગ્નના શરૂઆતથી જ વ્યભિચારીયુક્ત જીવન એટલે કે લગ્નેત્તર સંબંધો ધરાવતા હોય ત્યારે તેણે કરેલી ભૂતકાળની ભૂલોનો લોભા આપી શકાય નહીં.

ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જે.બી. પારડીવાલાની મંડલી કે ફેમિલી કોર્ટનાં છૂટાછેડાની મંજુરી આપતા આદેશને પડકારતી પત્નીની અપીલ મંજૂર રાખી અને ફેમીલી કોર્ટનાં આદેશને રદ્દ બાતલ જાહેર કરેલ અને પત્નીએ ફેમીલી કોર્ટમાં છૂટાછેડા મેળવવા દાવો કર્યો હતો અને આ દાવાને મંજૂર રાખવામાં આવ્યો હતો જેની સામે પત્નીએ હાઇકોર્ટમાં અપીલ દાખલ કરેલ હતી. જેમાં પતિના આક્ષેપોને હાઇકોરટે રદીયો આપી જમાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટ દ્વારા ચાલતી પ્રક્રિયા દરમિયાન જ પત્નીનું જીવન વ્યભિચારી યુક્ત હતું જેમાં પીડીતાએ આવા વ્યભિચારી સંબંધથી એક બાળકીને પણ જન્મ આપેલ. ફેમિલી કોર્ટના હુકમ સામે અપીલ સમય દરમિયાનનો સ્ટે મળેલ તેમ છતાં પત્નીએ બીજા લગ્ન કરી લીધા હતા. તેથી પત્નીના આક્ષેપો સાથે તેનું વલણ પણ તદ્દન ગેરવ્યાજબી અને હિન્દુ મેરેજ એક્ટની વિરૂદ્ધનું ગણી નામદાર કોર્ટે ફેમીલી કોર્ટનો હુકમ તથા પત્નીના બીજા લગ્ન રદ્દ બાદત જાહેર કરતો હુકમ ફરમાવેલ.



પત્ની તરફથી વધુ દલીલ કરવામાં આવી હતી કે જેનાથી છૂટાછેડા લેવાની મરજી કરી હતી તે સ્ત્રીએ પત્ની તરીકેની પોતાની ફરજો બજાવી નથી તેની પત્નીને બીજી સ્ત્રી સાથે લગ્નેત્તર સંબંધો બંધાયા હતા અને તે લગ્નથી પણ બે બાળકો છે. તેથી સદર લગ્નથી છૂટાછેડાની અરજી ફેમીલી કોર્ટે મંજૂર રાખેલ તે હુકમ યથાવત રાખવો જોઇએ. જો છૂટાછેડા રદ બાતલ ઠરવામાં આવશે તો આવા તબક્કે માત્ર પત્ની જ નહીં પણ બીજીવારની પત્ની તથા તેના દ્વારા થયેલાં સંતાનોને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડશે. પરંતુ મંડળી કે પત્ની તમામ દલીલો નામંજૂર કરી અને ઠરાવ્યું હતું કે "આ કેસમાં પત્ની દ્વારા છૂટાછેડાના આદેશની સામેની અપીલ પડતર હોય ત્યારે બીજા લગ્ન કરીને ગંભીર પ્રકારની ગેરવર્તુણક કરવામાં આવી છે. આ સંજોગોમાં પત્નીની સમન્યાયની માંગણી કાયદાની સર્વોપરીતા સામે નિષ્ફળ જણાય છે. તેથી છૂટાછેડા માટેના ફેમીલી કોર્ટનાં હુકમને રદ્દ બાતલ જાહેર કરવામાં આવે છે."

ઉપરોક્ત ચુકાદો ના.ગુજરાત હાઇકોર્ટ જાહેર કરી સમાજમાં ચાલતા વ્યભિચારને ડામવાનો તથા પત્નીના વ્યાભિચારના કારણે પહેલી પત્નીને થતા અન્યાય સામે રક્ષણ આપતો સિમાચિન્હ રૂપ તેમજ સમાજમાં દાખલો બેસે તેવો ચુકાદો જાહેર કરેલ છે.

કોઇ પણ સંજોગોમાં લગ્નનું કાયમી ભંગાણ છૂટાછેડા માટેનું કારણ ગણી શકાય નહીં. છૂટાછેડાની અરજ પેન્ડીંગ હોય અગર તો અપીલ પેન્ડીંગ હોય તેવા સંજોગોમાં બીજા લગ્ન અયોગ્ય ગણાય.

લગ્નની આંટીઘૂટીનો ચિતાર આપતા સદર કેસના ચુકાદાથી અપીલ પેન્ડીંગ હોવાનાં સંજોગોમાં દરમિયાન પત્ની દ્વારા પત્નીને માનસિક ત્રાસ આપવાનાં તથા છૂટાછેડા માટેનાં દબાણમાં લાવવા અખત્યાર કરવામાં આવતા રસ્તા તરીકે બીજા લગ્ન કરવાના પ્રયાસને હિત બિન સામાજિક તથા હિન્દુ મેરેજ એક્ટની જોગવાઇ વિસંગત ગણી સીમાચિન્હરૂપ ચુકાદો આપવામાં આવેલ જેનાથી વ્યાભિચારી જીવન જીવતા પુરૂષો તથા એક લગ્ન ચાલુ હોય તેવા સંજોગોમાં ગેરકાયદેસર રીતે બીજા લગ્ન કરી તેનાં દ્વારા બાલકો પેદા કરવાની ઘટનાને હિચકારૂં કૃત્ય ગણવામાંઆવેલ તથા છૂટાછેડા મેળવવાની આ પદ્ધતિને ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

પતિ-પત્નીના સંબંધો તૂટતા સમાજમાં નવો ત્રિકોણ રચાય છે. જેનાથી વ્યભિચારને પ્રોત્સાહન મળે છે. જેના ભોગ અનોરસ સંતાનોને બનવું પડે છે. તેમને સામાજિક સ્વીકૃતતા તથા કાયદેસરતા મળતી નથી.

# વૈશ્વિક તાપમાન વધારે વન્ય જીવોના અસ્તિત્વ માટે જોખમ

**વન્યસૃષ્ટિ પરિચય**

- હેમંત સુથાર

આપણે જાણીએ છીએ તે પ્રમાણે વૈશ્વિક તાપમાનમાં પ્રતિ વર્ષ વધારો થઇ રહ્યો છે અને આ કારણે જલવાયુ પરિવર્તન (ક્લાઇમેંટ ચેન્જ) પણ થઇ રહ્યું છે. માનવો પરની તેની અસરોથી આપણે સુવિદિત છીએ જ પરંતુ માનવો સિવાયના અન્ય જીવો કે જેમાં વન્યજીવોને ધ્યાનમાં લઇએ તો તેમના માટે પણ હવે ખુબ જ સંકટમય સમય ચાલી રહ્યો છે.

વન્યજીવો સ્વસ્થ અન સંતુલિત પર્યાવાસો પર આધાર રાખે છે. આ બાબતોમાં આપણાં કરતાં તે ખુબ જ સંવેદનશીલ હોય છે. પર્યાવરણમાં આવતાં કોઇ પણ પ્રકારના નાનામાં નાના બદલાવને તેઓ સહન કરી શકતાં નથી. વન્યજીવોને યોગ્ય તાપમાન, મીઠું પાણી, ખોરાકની ઉપલબ્ધતા, બચ્ચાં ઉછેરવાનું સુરક્ષિત સ્થળની પ્રાથમિક આવશ્યકતા રહે છે.

છેલ્લા કેટલાક વર્ષોથી વૈશ્વિક સરેરાશ તાપમાનમાં વધારો જોવાઇ રહ્યો છે. તેના કારણે વરસાદમાં અનિયમિતતાઓ જોવા મળી રહી છે. જમીન અને વનસ્પતિઓમાં રહેલ ભેજ સુકાઇ કે ઘટી રહ્યો છે. આ બધાને કારણે પૃથ્વી પરનાં પરિસરતંત્રો કે પર્યાવાસોમાં પણ હાનિકારક બદલાવ જોવાઇ રહ્યો છે. સરેરાશ તાપમાન સતત વધતુ રહેવાથી વન્યજીવોની જીવન પદ્ધતિમાં બદલાવ લાવવાની આવશ્યકતા ઉભી થઇ છે. જે મોટા ભાગના પ્રાણીઓમાં એકદમ ઝડપથી આવી શકે તેમ નથી. આવા સંજોગોમાં ઘણાં બધાં જીવો પોતાના મૂળ પર્યાવાસો - વિસ્તારોને છોડીને અન્ય યોગ્ય વિસ્તારો તરફ સ્થળાંતર કરી રહ્યા છે. બધા જ જીવો માટે આ શક્ય નથી. બદલાવ સહન ન કરી શકે તેવા જીવો મરી રહ્યા છે.



જલવાયુ પરિવર્તનને કારણે ઘણાં પક્ષીઓ તેમના વાર્ષિક સ્થળાંતર સમયથી ૩ અઠવાડિયા એટલે કે ૨૧ દિવસ જેટલાં વહેલાં સ્થળાંતર કરવા માટે શરૂ કરે છે. પક્ષીઓ તેમનાં નિયમ સમયકાળ પહેલાં માળા તૈયાર કરીને ઇંડા મુકવા લાગે છે અને વરસાદની અનિયમિતતાને કારણે ખોરાકના અભાવે તેમના બચ્ચાં જીવી શકતાં નથી.

એન્ટાર્કટીકા ભાગનો બરફ વહેલો પીગળી જવાને કારણે ૧૦,૦૦૦ જેટલા પેંગ્વીન મૃતહાલતમાં મળી આવ્યા હતા. તેનું કારણ શોધતાં જે ભાગમાં પહેલાં હંમેશા બરફ આચ્છાદિત રહેતું હતું તે ભાગ બરફ પીગળવાને કારણે જમીન બની ગયેલ હોવાથી કે પાણી ભાગ હોવાથી પેંગ્વીન તેના ખોરાક માટે બ્રીડીંગ વિસ્તારમાં જઇ શકતાં ન હતા.

ધ્રુવીય રીંઝ (પોલર બેઅર) આર્કટીક ભાગમાં બરફાચ્છાદિત વિસ્તારોમાં ઉપલબ્ધ સીલનો શિકાર કરીને ખોરાક મેળવતાં હતા. પરંતુ આર્કટીક ભાગમાં મોટા પ્રમાણમાં બરફ પીગળી જવાને કારણે હવે ધ્રુવીય રીંછ જમીની કે દરિયાઇ ભાગમાં રહેવા મજબૂર બન્યા છે અને ખોરાકના અભાવે હવે તે સ્વજાતિ ભક્ષક બની જાય તેવી સંભાવનાઓ વ્યક્ત થઇ રહી છે.

કેનેડાના હડસન અખાત ભાગના ધ્રુવીય રીંછ તેમનું ખોરાકના અભાવે વજન ગુમાવી રહ્યા છે કારણ કે, વસંત ઋતુમાં અહિનો બરફ ૧૪ દિવસ જેટલો વહેલો ઓગળવા લાગ્યો છે અને તે કારણે ખોરાકની અછત વર્તાઇ રહી છે.

વધતાં જતાં તાપમાનની અસરો સરિસૃપો તથા ઉભયજીવીઓ પર પણ જણાઇ રહી છે. દરિયાઇ કાચબા દરિયા કાંઠાના રેતાળ બીચ વિસ્તારોમાં તેમના ઇંડા મુકે છે. આ કાચબાના ઇંડા રેતીની ગરમીની મદદથી સેવાય છે. જો દરિયાઇ બીચની રેતી પ્રમાણ કરતાં વધુ ગરમ હોય તો ઇંડામાંથી નર કાચબાના બચ્ચાં જન્મવાની શક્યતા વધે છે. રેતી જો ઠંડી હોય તો માદા બચ્ચાં વધુ જન્મે છે. આ પ્રમાણે રેતી વદુ ગરમ હોય તો નર કાચબાઓનું પ્રમાણ વધી જાય તેમ છે.

દરિયાઇ જળ સપાટીમાં જો ૫૦ સેન્ટીમીટર જેટલો વધારો થાય તો વિશ્વના ઘણાં બધાં દરિયાકાંઠાના બીચ વિસ્તારોમાં કે જયાં કારચબાઓ ઇંડા મુકે છે તેવા બીચ દરિયાના પાણીમાં ડુબી જવાની શક્યતાઓ છે. આ કારણે કાચબાના ઇંડા મુકવાના સ્થળ મળવા મુશ્કેલી બની જાય તેમ છે.

ભારતના સુંદરવન વિસ્તારમાં મેગ્રુવ જંગલોથી આચ્છાદિત ટાપુઓ છે. આ ટાપુઓ વાઘનાં વાસ સ્થાનો છે. સમુદ્રની સપાટી વધવાથી આ પૈકી મોટા ભાગના ટાપુઓ પાણીમાં ગરકાવ થઇ શકે છે.

કેટલીક જાતની માછલીઓ ગરમ પાણીમાં જીવી શકતી નથી. તાપમાન વધારાને કારણે સમુદ્રના પાણી ગરમ થવાથી આવી માછલીઓને નવા સ્થળો તરફ સ્થળાંતર કરવું પડે છે. દક્ષિણ ઇંગ્લેન્ડના કાર્નવાલ ભાગની માછલીઓ તેના ઉત્તર ભાગમાં આવેલ શેટલેન્ડ ટાપુઓ તરફ સ્થળાંતરીત થઇ રહી છે.

જલવાયુ પરિવર્તનને કારણે પક્ષીઓ નિયતકાળ કરતાં વહેલા ઇંડા મુકી શકે છે. સ્થળાંતર વહેલા કરી શકે છે. વનસ્પતિઓનાં અંકુરણ, ફુલ ઉગવા, ફળ બેસવાના સમયમાં બદલાવ આવી શકે છે. ગરમીથી બચવા શિત સમાધિમાં જતાં જીવોને વધુ સમય ગરમી સહન કરવી પડી શકે છે. કટીબંધીય પ્રદેશોમાં ગરમી વધતાં પ્રાણીઓ પૃથ્વીનાં ઠંડા એવા ધ્રુવીય પ્રદેશો તરફ ખસી રહ્યા છે. આ બધા બદલાવો પૃથ્વી પરની જીવસૃષ્ટિના અસ્તિત્વ સામે પડકાર પરની જીવસૃષ્ટિના અસ્તિત્વ સામે પડકાર બનીને ઊભા છે અને ઘણાં બધાં જીવો લુપ્ત થઇ રહ્યાં છે અને થશે.

વૈશ્વિક તાપમાન વધારાની સમસ્યાનો જનક માનવ છે. તેના અસ્તિત્વ સામે તેને ભય ઊભો કર્યો છે તેની સાથે સાથે સમગ્ર જીવ સૃષ્ટિ માટે પણ ભય ઊભો કર્યો છે.